# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ” બનાવવાના ધ્યેય સાથે રાજ્યભરમાં આજથી શાળા પ્રવેશોત્સવનો આરંભ
2. રથયાત્રાની પૂર્વસંધ્યાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના જમાલપુર ભગવાન જગન્નાથ મંદિરમાં ભગવાનની આરતી ઉતારી
3. અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત વિમાનના બ્લેકબૉક્સમાંથી દુર્ઘટનાનું કારણ જાણવા માટે ડેટા કઢાયો
4. કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ યુવાનો જ વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો
5. ગ્રામ પંચાયત વિસ્તારોમાં સરકારની સહાયથી નિર્માણ પામેલા આવાસો માટે વાર્ષિક 200 રૂપિયાના દરથી ઘર વેરા આકારણીની વસુલાશે
6. રાજ્યભરમાં ચોમાસું જામ્યું - આજે 159 તાલુકામાં વરસાદ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM – SHALA PRAVESHOTSAV

"શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ" બનાવવાના ધ્યેય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો આરંભ કરાવ્યો. મહીસાગર જિલ્લાના દિવડાની પીએમ શ્રી શાળામાં બાળકોના શાળા નામાંકનથી શાળા પ્રવેશોત્સવના 23મા તબક્કાનો આરંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે શાળા પ્રવેશોત્સવથી શાળા છોડવાનો દર એક ટકાથી નીચે લઈ જવામાં સફળતા મળી છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે શ્રી પટેલે બાલવાટિકા, આંગણવાડી, પ્રાથમિક શાળા અને ધોરણ 9માં બાળકોનું નામાંકન કરાવ્યું હતું અને શૈક્ષણિક કીટ ભેટ આપી તેમને શાળામાં આવકાર્યા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શાળા પ્રવેશોત્સવને આગળ ધપાવતા રાજ્યમાં બાળકોનું 100 ટકા નામાંકન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ થકી બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . . . .

# SHALA PRAVESHOTSAV DISTRICT

રાજ્યભરમાં આજથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થયો. ત્યારે શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં આવેલ કૃષિ શાળા, સુખસર ખાતે બાલવાટિકામાં 17 બાળકો તેમજ ધોરણ – 1માં 35 વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના મોટા વરાછાની ત્રણ

પ્રાથમિક શાળામાં કુલ 583 બાળકોનું નામાંકન કરાવ્યું. શ્રી સંઘવીએ શાળાને બાળકના ઉજ્જવળ ભવિષ્ય તરફનું પ્રથમ પગથિયું ગણાવ્યું હતું.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના હાપીવાડી પ્રાથમિક શાળા અને કબર વિસોત્રી પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવનો આરંભ કરાવ્યો. તેમણે ભૂલકાઓને શૈક્ષણિક કીટ આપી શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જામનગર જિલ્લાના જાંબુડા, અલિયા તથા બાળા ખાતે નવા પ્રવેશ મેળવનાર બાળ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી પ્રતિક્રિયા આપી.

(BYTE- રાઘવજી પટેલ, કૃષિમંત્રી)

પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકાના ગોરખમઢી, કદવાર અને ધામળેજ ગામમાં બાળકોને શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ અમદાવાદના મણિનગરની કાંકરિયા ગુજરાતી શાળા નં. ૧ તેમજ શ્રી રામકૃષ્ણ વિદ્યાલય ખાતેથી વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવ્યો હતો.

તાપી જિલ્લાના સોનગઢની સાર્વજનિક હાઈસ્કુલ, વાઘનેરા અને શિશોર ગામની પ્રાથમિક શાળામાં આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર તથા ગ્રામ વિકાસ રાજયમંત્રી કુંવરજી હળપતિએ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો

જ્યારે ખેડા જિલ્લામાં રાજ્યના ચોથા નાણા પંચના અધ્યક્ષ યમલ વ્યાસે કપડવંજ તાલુકાના રામતલાવડી પ્રાથમિક શાળાએ બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. દરમિયાન, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક રમણભાઈ

સોલંકીએ છોટાઉદેપુર તાલુકાના તેજગઢ, દેવળીયા અને પટેલ ફળિયાની પ્રાથમિક શાળાઓમાં કુલ 115 ભૂલકાઓને કુમકુમના તિલક કરી, મોં મીઠું કરાવી શાળા પ્રવેશ કરાવ્યો હતો. ભરૂચ જિલ્લાના ઝઘડીયાના કપલસાડી ખાતે જિલ્લા કલેક્ટર ગૌરાંગ મકવાણાએ આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ તેમજ ધોરણ ૯ના ભૂલકાઓને નાંમાકન કરાવ્યું.

રાજકોટના ગોંડલ શહેર તથા તાલુકાઓના કુલ 15 બાળકોનો બાલવાટિકામાં, 19 બાળકોનો આંગણવાડીમાં તથા 250 બાળકોનો ધોરણ 9માં પ્રવેશ કરાવાયો હતો.

. . . . . . . . . . .

# AHMEDABAD RATHYATRA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદમાં જમાલપુર ભગવાન જગન્નાથ મંદિરમાં ભગવાનની આરતી ઉતારી. તેમની સાથે મંદિરના અગ્રણીઓ અને ધારાસભ્યો સહિત મોટી સંખ્યામાં ભક્તો જોડાયા. આ સાથે સમગ્ર મંદિર જય જગન્નાથના નાદ સાથે ગુંજી ઉઠ્યું. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ: આશિષ પંચાલ )

આજે ભગવાન જગન્નાથજીના મોસાળ સરસપુરમાં દર્શને આવતા ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં આવતીકાલે ભગવાન જગન્નાથજીની 148મી રથયાત્રા યોજાશે. વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતી કરશે. ત્યારબાદ મુખ્યમંત્રી પહિંદ વિધી કરશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# REV AIR INDIA DATA

અમદાવાદમાં તાજેતરમાં એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાગ્રસ્ત વિમાન A.I. 171ના બ્લેકબૉક્સમાંથી દુર્ઘટનાનું કારણ જાણવા માટે ડેટા કાઢવામાં આવ્યો છે. બ્લેકબૉક્સથી ક્રેશ પ્રૉટેક્શન મૉડ્યૂઅલને તેમજ મેમરી મૉડ્યૂઅલને સફળતાપૂર્ણ મેળવી લેવાયું છે.

આ ડેટા ગઈકાલે દિલ્હીમાં વિમાન અકસ્માત તપાસ સંસ્થા- A.A.I.B.ની પ્રયોગશાળામાં સંગ્રહિત કરવામાં આવી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું, કૉકપિટ વૉઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રિકોર્ડર ડેટાનું વિશ્લેષણ ચાલી રહ્યું છે. તેનાથી દુર્ઘટનાનું કારણ

જાણી શકાય અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવાના કારણોની ઓળખ થઈ શકે. આ બ્લેકબૉક્સને મંગળવારે દિલ્હી લવાયું હતું.

. . . . . . . . . . .

## MANDVIYA AHMEDABAD

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આજે અમદાવાદના ગોતામાં ભાજપ યુવા મોરચા દ્વારા આયોજિત યુવા સંસદના ઉદ્ઘાટન સમારોહમાં કટોકટીના વિષય પર યુવાનોને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે સરમુખત્યારશાહીનો તે સમયગાળો દેશવાસીઓ ક્યારેય ભૂલી શકશે નહીં. તેમણે ઉમેર્યું કે યુવાનો જ વિકસિત ભારતનું સ્વપ્ન પૂર્ણ કરશે.

**(બાઇટ: ડૉ.મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)**

શ્રી માંડવિયાએ આજે અમદાવાદમાં નારણપુરામાં સંવિધાન હત્યા દિવસ પર આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ તેઓ નવરંગપુરામાં ‘મિસાવાસીની ડાયરી’ પુસ્તકનું વિમોચન કરશે.

. . . . . . . . . . .

## NIRMALA SITHARAMAN - GIFTCITY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે આજે ગુજરાતનાં ગાંધીનગરમાં ગિફ્ટ સિટી અને આંતરરાષ્ટ્રીય નાણા સેવા કેન્દ્ર સત્તામંડળ- I.F.S.C.Aના અધિકારીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી. નાણાં મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, આ આ બેઠકમાં નાણા અને કૉર્પોરેટ બાબતોના મંત્રાલયના સચિવ, કાનૂની બાબતોના વિભાગના અધિકારીઓ, ભારતીય રિઝર્વ બૅન્કના ડેપ્યુટી ગવર્નર, સેબી ઇન્ડિયાના અધ્યક્ષ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, કેન્દ્રીય નાણામંત્રીએ નાણા, વાણિજ્ય, બંદરો, શિપિંગ અને જળમાર્ગો, કૉર્પોરેટ બાબતો, સહિત  અન્ય અધિકારીઓ સાથે GIFT સિટીની પણ મુલાકાત લીધી. તેમની આ મુલાકાત વૈશ્વિક નાણાકીય કેન્દ્રને મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

. . . . . . . . . . .

# CM RURAL HOUSING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ગ્રામીણ આવાસ યોજનાઓના લાભાર્થીઓ માટે હિતકારી નિર્ણય લીધો છે.

આ નિર્ણય અનુસાર સમગ્ર રાજ્યમાં ગ્રામ પંચાયત વિસ્તારોમાં સરકારની સહાયથી નિર્માણ પામેલા આવાસો માટે વાર્ષિક 200 રૂપિયાના એક સમાન દરથી ઘર વેરા આકારણીની વસુલાત થશે. કોઈપણ ગ્રામ પંચાયત સરકારની સહાયથી બનેલા આવાસોનો ઘર વેરા આકારણીની

વાર્ષિક 200 રૂપિયાના નિર્ધારિત દરથી વધુ રકમ વસૂલ કરી શકશે નહીં તેવો નિર્ણય પણ કરાયો છે.

એટલું જ નહીં, ચાર વર્ષ પછી આ આકારણી દરની રાજ્ય સરકાર સમીક્ષા કરશે. આ નિર્ણયથી પરિણામે લાખો ગ્રામીણ ગરીબ પરિવારોને ઘર વેરા આકારણીની રકમમાં મોટી રાહત મળશે.

. . . . . . . . . . .

## STATE RAIN

રાજ્યમાં ચોમાસું જામ્યું છે. આજે 159 તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં જૂનાગઢના માળીયા હાટીનામાં સૌથી વધુ 5 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે સુરતના મહુવામાં પણ ભારે વરસાદ પડતાં પોણા પાંચ ઇંચ વરસાદ વરસ્યો હતો. પોરબંદર જિલ્લામાં પણ આજે મેઘમહેર થતાં રાણાવાવમાં 3 ઇંચ, કુતિયાણામાં અઢી ઇંચ, વરસાદ ખાબક્યો હતો. પોરબંદરના અમારા પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે ઉપરવાસમાં વરસેલા ભારે વરસાદને પગલે રાણાખીરસરા બંધના 2 દરવાજા ખોલાયા છે જેથી જિલ્લાના 4 ગામને સાવચેત કરવામાં આવ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં દોઢ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. ડાંગ જિલ્લાના સાપુતારામાં બે ઇંચ જ્યારે  આહવામાં દોઢ ઇંચ વરસાદ નોંધાયો છે.

રાજ્યના જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો રાજ્યના 17 જળાશય હાઇએલર્ટ પર છે જ્યારે 15 એલર્ટ પર છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 7 દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી છે. આવતીકાલે બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલી અને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં રાજકોટ, જૂનાગઢ અને કચ્છમાં છુટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે. ત્યારે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

. . . . . . . . . . .

# HARSH SANGHVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, રાજ્યમાં પોલીસ દ્વારા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહીની ઝુંબેશ ચાલુ જ રહેશે. આ અભિયાનના ભાગરૂપે, આજે 107 ગુનાઓમાં સંડોવાયેલા જૂનાગઢના આરોપીના બંગલો અને ફાર્મ હાઉસનું ગેરકાયદેસરનું દબાણ દૂર કરાયું હતું. આ આરોપીએ જૂનાગઢના લીરબાઇપરા ખાતે 750 ચોરસ મીટરની જગ્યામાં બંગલો અને કેન્દ્રીય વિદ્યાલય નજીક 35 હજાર ચોરસ મીટરની જગ્યામાં ગેરકાયદે ફાર્મ હાઉસ બનાવ્યું હતું, જેને દૂર કરી સરકારી જમીનને દબાણમુક્ત કરવામાં આવી છે.

. . . . . . . . . . .